# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-07-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઓસ્ટ્રેલિયાના પ્રવાસ બાદ ન્યુઝીલેન્ડ જવા રવાના.
2. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર કુવૈતની મુલાકાત બાદ ઓમાન પહોંચ્યા.
3. મહારાષ્ટ્રમાં સમાન નાગરિક સંહિતા UCCનો મુસદ્દો તૈયાર કરવા સાત સભ્યોની સમિતિની રચના.
4. ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, સિક્કિમમાં આજે ભારે વરસાદની ચેતવણી.
5. મહિલા ક્રિકેટ ટીમની આજે યજમાન ઇંગ્લેન્ડ સાથે એક દિવસીય ટેસ્ટ મેચ.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM-AUSTRALIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઓસ્ટ્રેલિયાની મુલાકાત બાદ ન્યુઝીલેંન્ડ જવા રવાના થયા. શ્રી મોદી ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન સાથે ચર્ચા કરશે. બંને નેતાઓ દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરશે, જેમાં છેલ્લા બે વર્ષમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી છે. શ્રી મોદી અગ્રણી વ્યવસાયિક અને રમતગમતની હસ્તીઓ સાથે પણ વાતચીત કરશે.

સાંભળીએ એક અહેવાલ......

## VC- PM MANJU-MEENA

ઉલ્લેખનીય છે કે, શ્રી મોદીની ઓસ્ટ્રેલિયાની મુલાકાતે બંને દેશો વચ્ચેના વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીના ભવિષ્ય માટે એક નવી દિશા અને મજબૂત પાયો પૂરો પાડ્યો છે. બંને દેશો વચ્ચે રાજદ્વારી, આર્થિક અને સુરક્ષા સંબંધો નવી ઊંચાઈએ પહોંચ્યા છે.

# FUR. REV. PM - AUS OPPOSITION LEADER

ઓસ્ટ્રેલિયાની મુલાકાતના અંતિમ દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયાના વિપક્ષી નેતા એંગસ ટેલર સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓએ સંરક્ષણ, વેપાર, શિક્ષણ, ભારત-પ્રશાંત સુરક્ષા, રોકાણ અને લોકો વચ્ચેના સંબંધો સહિત વિવિધ ક્ષેત્રોમાં મજબૂત ભારત-ઓસ્ટ્રેલિયા સંબંધો માટે દ્વિપક્ષીય સમર્થનની પુષ્ટિ કરી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, તેમણે શ્રી ટેલર સાથે ભારત-ઓસ્ટ્રેલિયા સંબંધોના ગાઢ બનતા અને ભવિષ્યની તકો પર ફળદાયી ચર્ચા કરી. શ્રી મોદીએ કહ્યું કે, તેઓ ઓસ્ટ્રેલિયામાં ભારતની ભાગીદારીને મળતા વ્યાપક સમર્થનની પ્રશંસા કરે છે.

# JAYSHANKER – OMAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર કુવૈતની મુલાકાત પૂર્ણ કર્યા બાદ ઓમાન પહોંચ્યા છે. ઓમાનના વિદેશ મંત્રાલયના મહાનિર્દેશક શેખ અહેમદ અલ મસ્કરીએ તેમનું સ્વાગત કર્યું.

ડૉ. જયશંકર કતાર, બહેરીન, કુવૈત, ઓમાન, ન્યુયોર્ક અને બ્રસેલ્સની 11 દિવસની મુલાકાતે છે. ઓમાનની મુલાકાત પૂર્ણ કર્યા બાદ તેઓ ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના 2028-29 કાર્યકાળ માટે ભારતના સત્તાવાર અભિયાનની શરૂઆત કરશે. ત્યારબાદ તેઓ 14 અને 15 જુલાઈએ રોજ બ્રસેલ્સમાં ત્રીજી ભારત-યુરોપિયન યુનિયન વેપાર અને ટેકનોલોજી પરિષદની બેઠકમાં હાજરી આપશે.

ડૉ. જયશંકર યુરોપિયન યુનિયન અને બેલ્જિયમના વિદેશ મંત્રીઓ સાથે પણ વાતચીત કરશે.

# REV. MAHA - UCC COMMITTEE

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રાજ્ય માટે સમાન નાગરિક સંહિતા UCC નો મુસદ્દો તૈયાર કરવા માટે સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ રંજના દેસાઈના નેતૃત્વમાં સાત સભ્યોની સમિતિની રચનાની જાહેરાત કરી.

ગઈકાલે મહારાષ્ટ્ર વિધાનસભામાં આ જાહેરાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, ભારતના બંધારણમાં સમાવિષ્ટ રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતો અનુસાર, દરેક રાજ્યએ સમાન નાગરિક સંહિતા લાગુ કરવાનું વિચારવું જોઈએ. આ સમિતિ આગામી છ મહિનામાં રાજ્ય સરકારને પોતાનો અહેવાલ સુપરત કરશે. જેના આધારે, સરકાર આગામી શિયાળુ સત્ર દરમિયાન નાગપુરમાં વિધાનસભાના બંને ગૃહો સમક્ષ સમાન નાગરિક સંહિતા બિલ રજૂ કરવાની યોજના ધરાવે છે.

પ્રસ્તાવિત કાયદામાં લગ્ન, છૂટાછેડા, વારસો અને ઉત્તરાધિકાર જેવા મુદ્દાઓને આવરી લેવાય તેવી શક્યતા છે. સ્વતંત્રતા પછી સમાન નાગરિક સંહિતા લાગુ કરનાર ઉત્તરાખંડ ભારતનું પ્રથમ રાજ્ય બન્યું. ત્યારબાદ ગુજરાતે પોતાનો UCC કાયદો પસાર કર્યો, જ્યારે આસામ UCC કાયદો પસાર કરનાર ત્રીજું રાજ્ય બન્યું હતું.

# HARDIPSINH PURI

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું કે, સરકાર E85 ઇંધણ લાવવાની યોજના બનાવી રહી છે, જે પ્રમાણભૂત E20 પેટ્રોલ કરતાં લગભગ 20 રૂપિયા પ્રતિ લિટર સસ્તું હશે. તેમણે કહ્યું કે, E85 ફક્ત ખાસ વાહનો માટે જ ઉપલબ્ધ રહેશે જે વાહનો આ ઇધન માટે ડિઝાઇન કરવામાં આવ્યા છે.

એક ખાનગી સમાચાર ચેનલ સાથેની પ્રત્યક્ષ મુલાકાતમાં શ્રી પૂરીએ કહ્યું કે પ્રસ્તાવિત પગલાનો હેતુ ગ્રાહકોને આર્થિક રાહત આપવાનો અને સરકારના ઇથેનોલ મિશ્રણ કાર્યક્રમને આગળ વધારવાનો છે. તેમણે વ્યાપક બાયોફ્યુઅલ નીતિનો બચાવ કરતાં ઇથેનોલ-મિશ્રિત પેટ્રોલથી એન્જિન અને વાહનને થતાં નુકસાન અને વાહનના પ્રદર્શન અંગેની ચિંતાઓને ફગાવી દીધી.

# NITIN GADKARI GNR MEETING

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ગુજરાતના રાષ્ટ્રીય રાજમાર્ગના કામની સમીક્ષા કરી. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત સંબંધિત વિભાગના વરિષ્ઠ સચિવો સાથે ઉચ્ચસ્તરની બેઠકમાં શ્રી ગડકરીએ વિવિધ મુદ્દા પર ચર્ચા કરી. તેમણે રોડ એલાઇમેન્ટ એટલે કે, માર્ગોના જોડાણમાં આવતી જમીનના સંપાદનની સરળતા માટે બિનખેતી મંજૂરીની કાર્યવાહી 60 દિવસ માટે સ્થગિત કરવાના ગુજરાત મૉડેલ અંગે મુખ્યમંત્રીને અભિનંદન પાઠવ્યા. તેમણે આ મૉડેલને સમગ્ર દેશ માટે ઉદાહરણરૂપ ગણાવ્યું.

# MANSUKH MANDAVIYA JND MEET

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ ગુજરાતના જુનાગઢમાં વિકાસકાર્યોની સમીક્ષા કરી. વિવિધ વિભાગના અધિકારીઓ સાથેની બેઠકમાં તેમણે જુનાગઢ પંથકમાં ભારે વરસાદના કારણે થયેલા નુકસાનની માહિતી પણ મેળવી. સાથે જ તેમણે સંભવિત કુદરતી આપત્તિઓને ધ્યાનમાં રાખી આપત્તિ વ્યવસ્થાપન સહિતના તમામ સંબંધિત વિભાગને સતર્ક રહી જરૂરી બચાવ અને રાહતકાર્ય માટે સજ્જ રહેવા સૂચના આપી.

ઉપરાંત શ્રી માંડવિયાએ ઝડપી અને પારદર્શક અને નિર્ધારિત સમયમર્યાદામાં વિકાસકાર્યો પૂર્ણ થવા અંગે અધિકારીઓને સૂચનો આપ્યા. કેશોદ વિમાનમથક પર વર્ષ 2027 સુધીમાં ઍરબસ અને કાર્ગો ઉડાનનું સંચાલન શરૂ કરવા સરકારના અભિગમ અંગે પણ તેમણે માહિતી આપી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# JOSHI-CLEAN ENERGY

નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું કે, સતત બીજા વર્ષે, સ્વચ્છ ઉર્જાએ દેશની વીજળીની માંગ 50 ટકાથી વધુ પૂર્ણ કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી જોશીએ જણાવ્યું હતું કે, છઠ્ઠી જુલાઈએ રોજ 50.2 ટકા વીજળી પુરવઠો નવીનીકરણીય સ્ત્રોતોમાંથી આવ્યો હતો. જે ભારતના સ્વચ્છ ઉર્જા ઇકોસિસ્ટમની વધતી જતી શક્તિ અને વિશ્વસનીયતાનો પુરાવો છે.

શ્રી જોશીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત અવિરત ગતિ અને દૃઢ નિશ્ચય સાથે ટકાઉ વિકાસને વેગ આપી રહ્યું છે.

# NITI AAYOG-MEETING

નીતિ આયોગના સભ્ય ડૉ. જોરામ અનિયાએ નવી દિલ્હીમાં યુનિસેફ ઇન્ડિયાના પ્રતિનિધિ સિન્થિયા મેકકેફ્રી અને તેમના પ્રતિનિધિમંડળ સાથે બાળકોનો વિકાસ, શાળા શિક્ષણ અને માનવ વિકાસ પર સહયોગને મજબૂત બનાવવા માટે ચર્ચા કરી. નીતિ આયોગના જણાવ્યા અનુસાર ચર્ચાઓ ખાસ કરીને મહત્વાકાંક્ષી જિલ્લાઓ અને વિસ્તારોમાં સલામત અને સમાવિષ્ટ શિક્ષણ, પાયાની સાક્ષરતા અને સંખ્યાત્મકતા, શિક્ષક શિક્ષણ, વિદ્યાર્થી સુખાકારી, સાયબર સલામતી અને ડિજિટલ સુરક્ષા પર કેન્દ્રિત હતી.

બેઠક દરમિયાન ડૉ. અનિયાએ પુરાવા-આધારિત નીતિનિર્માણ, સમુદાય ભાગીદારી, આપત્તિ સ્થિતિસ્થાપકતા અને બાળ કલ્યાણ અને શિક્ષણ પરિણામોને સુધારવામાં મહિલા સ્વ-સહાય જૂથોની ભૂમિકા પર પણ ભાર મૂક્યો.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે ઉત્તરાખંડમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. આજે અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, સિક્કિમ, પશ્ચિમ બંગાળના તરાઈ પ્રદેશ અને ઉત્તરપ્રદેશના કેટલાક ભાગોમાં પણ ભારે વરસાદની આગાહી છે.

આગામી 3- 4 દિવસમાં દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ, બિહાર, પૂર્વી મધ્ય પ્રદેશ અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી છે.

કર્ણાટક, કેરળ, માહે, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં પણ આવી જ સ્થિતિ રહેવાની આગાહી છે. આજે સવારથી રાષ્ટ્રીય રાજધાનીના ઘણા વિસ્તારોમાં હળવો થી મધ્યમ વરસાદ પડી રહ્યો છે.

# HP-RAIN

હિમાચલ પ્રદેશમાં આજે ભારે વરસાદ થવાની શક્યતા છે. હવામાન વિભાગે કાંગરા, મંડી, શિમલા, સોલન અને સિરમૌરમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ માટેનું યલો એલર્ટ આપ્યું છે, જેથી સિરમૌર અને સોલન જિલ્લાઓમાં તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં આજે રજા જાહેર કરાઇ છે.

# INDIA-NEW ZEALAND HOCKEY

ભારત અને ન્યુઝીલેન્ડ ચાલુ વર્ષે રમતગમત સંબંધોના 100 વર્ષની ઉજવણી કરી રહ્યા છે. હોકીથી શરૂ થયેલી આ યાત્રા બંને દેશો વચ્ચે મિત્રતા અને સહયોગનું એક મજબૂત માધ્યમ બની રહી છે.

સાંભળીએ એક અહેવાલ.................

## VC- MANJU-MEENA- HOCKEY

# TEST CRICKET - IND VS ENG

હરમનપ્રીત કૌરના નેતૃત્વ હેઠળની ભારતીય મહિલા ક્રિકેટ ટીમ આજે લંડનના લોર્ડ્સ ગ્રાઉન્ડ પર યજમાન ઇંગ્લેન્ડ સાથે ઐતિહાસિક ટેસ્ટ મેચ રમશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે સાડા ત્રણ વાગ્યે રમાશે. લોર્ડ્સ ગ્રાઉન્ડ પર પ્રથમવાર મહિલા ટેસ્ટ મેચ રમાશે.

ભારત અને ઇંગ્લેન્ડની મહિલા ક્રિકેટ ટીમો આ વખતે 16મી ટેસ્ટ મેચમાં એકબીજાનો સામનો કરશે. આમાંથી ઇંગ્લેન્ડે અત્યાર સુધી ફક્ત એક જ મેચ જીતી છે, જ્યારે ભારતે ત્રણ જીતી છે. બાકીની 11 મેચ ડ્રો રહી છે.

# PM – HUMANITY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, નિઃસ્વાર્થ કાર્ય એ માનવતાની સૌથી મોટી શક્તિ છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં સંસ્કૃત સુભાષિત શેર કરતા શ્રી મોદીએ કહ્યું કે સેવા અને સમર્પણની આ ભાવનાથી પ્રેરિત થઈને, દેશ દરેક નાગરિકના જીવનને સુધારવાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે.